## માટી સાથેનો અનુબંધ | રમણીક સોમેશ્વર

મિત્ર માવજી મહેશ્વરીના નિબંધો વિશે આજે મારે અહીં થોડી વાત કરવાની છે. આમ તો આ નિબંધસંગ્રહ 'બોર'ની પ્રસ્તાવના લખતાં એ વિશે કંઈક વિગતે વાત કરવાનું થયેલું. પરંતુ આજે જ્યારે વાર્તાસંગ્રહ 'પવન' અને નિબંધસંગ્રહ 'બોટ'નું વિમોચન થઈ રહ્યું છે ત્યારે આ નિબંધો મિશે એ નિબંધસર્જકના ભાવલોકને ફરી જરા જુદી રીતે અવલોકી લેવું છે.

નિબંધ એટલે તો નિબંધ – ખુલ્લું – નિરાલંબ – મોકળું સાહિત્યસ્વરૂપ. એકાધિક સાહિત્યસ્વરૂપોનો સંગ અને રંગ એમાં દેખાય. એક તરફ એમાં પ્રગટ થતી આત્મલક્ષિતા તો બીજી તરફ એનું સોંસરાપણું આપણને આકર્ષે. અહીં સબ્જેક્ટ નહીં, સબ્જેક્ટિવિટી કેન્દ્રમાં હોય. વિષય ક્યારેક માત્ર એક ઉડ્ડયનબિંદુ બની રહે પછી સર્જકનાં સંવેદનો, એના વિચારો, એના વ્યક્તિત્વની છાયાઓ એમાં પ્રગટ થતાં રહે.

'બોર'ના નિબંધોમાં પ્રવેશીએ તો આવાં કેટલાંક ઉડ્ડયનબિંદુઓ તરત દૃષ્ટિગોચર થશે. લેખક પુસ્તકની ભૂમિકામાં લખે છે, ''કચ્છ મારી અંદર ધબકે છે. લોહીમાં વહે છે. ફરી કદાચ જન્મ લેવાનું થાય તો અહીં જ લઉં.'' લેખકની આ ઉત્કટ પ્રદેશ-પ્રીતિ એમની કૃતિઓમાં, એ પછી વાર્તા હોય, નવલકથા હોય કે નિબંધ – સતત વિવિધ રૂપે વ્યક્ત થતી જોવા મળે છે. પ્રદેશના ઇતિહાસ અને ભૂગોળને, લાક્ષણિકતાઓ અને વિશેષોને, લોકજીવન અને લોકસંસ્કૃતિને, વર્તમાન સંદર્ભો અને સમસ્યાઓને લેખક ઊંડાણથી અનુભવતા હોય એવી પ્રતીતિ ઠેર ઠેર મળે છે. અહીં, આ નિબંધોમાં પણ લખપત, ધોળાવીરા, કાળો ડુંગર જેવા સ્થળવિશેષોને તાદશ કરતા નિબંધો, ભૂમિ અને ભૂમિના લોકોની લાક્ષણિકતાઓને વ્યક્ત કરતા સંવેદનભર્યા નિબંધો ભાવકોને ઝીણી નજરે જોઈ જવાનું સૂચવી હું કેટલાંક અન્ય ઉડ્ડયનબિંદુઓ તરફ દૃષ્ટિપાત કરી લઉં.

એક નિબંધમાં એવું કહેવાયું છે કે, ''દરેકનું બાળપણ એક જાદુઈ પટારો હોય છે. એમાં અનેક સંભારણાં અને કુતૂહલો ભર્યાં પડ્યાં હોય છે. કોઈ ક્ષણે એ પટારો ખૂલે છે અને માણસ ધકેલાય છે પાછળ... ખૂબ પાછળ... જ્યાં નાનાં નાનાં પગલાંની છાપ હોય છે.'' આ સ્મૃતિના પટારાને ખોલી નાનાં નાનાં પગલાંની છાપને ઉપસાવતા રહેવું એ કદાચ આપણા લલિત નિબંધોનું વ્યાવર્તક લક્ષણ છે. 'બોર'ના નિબંધોમાં 'વો કાગઝ કી કસ્તી, વો બારિસ કા પાની...'નું ભાવજગત એની આગવી રીતે નિરૂપાતું રહ્યું છે. વીતી ચૂકેલા આનંદલોકનો વસવસો ક્યાંક વર્તમાનની ધારે ખોતરાતો રહ્યો છે. પરંતુ એકંદરે તો લેખક પ્રકૃતિ-ધર્મી છે અને પ્રત્યેક ક્ષણમાંથી નવોન્મેષો પામવા મથતા રહે છે. અહીં એક નિબંધને શીર્ષક અપાયું છે 'બેકવ્યૂ મિરરમાં દેખાતાં કેસૂડાં.' લેખક સ્કૂટર પર કચ્છના અંતરિયાળ પ્રદેશમાં નીકળ્યા છે અને સ્કૂટરના બેકવ્યૂ મિરરમાંથી ખીલતી વસંતને જોતા રહે છે. ગતકાળ અને વર્તમાન વચ્ચે ઝૂમતા રહે છે. આ બેકવ્યૂ મિરર અનેક રીતે સાંકેતિક છે. એનાં પરિદૃશ્યો નિબંધોમાં વિભિન્ન રૂપે વિસ્તર્યાં છે. આજે મારે એની વિગતોમાં પણ બહુ નથી જવું.

એમ તો આ નિબંધોના સર્જકની ભાષા વિશે, એમાં ક્યાંક સહજ રેલાઈ આવતી કાવ્યાત્મકતા વિશે, એના ગદ્ય વિશે, આ નિબંધોમાં યોજાયેલ વિશિષ્ટ ઉપમા, ઉત્પ્રેક્ષા, સજીવારોપણ અલંકારો વિશે પણ વાત થઈ શકે. આ વાર્તાકારના નિબંધો છે. એટલે આ નિબંધોમાં ક્યાંક ઝલમલી જતા વાર્તાતત્ત્વ વિશે, એમાં આવતાં વિલક્ષણ પાત્રો અને એના પાત્રાલેખન વિશે, શૈલીના પલટા ને પ્રયોગો વિશે પણ વાત થઈ શકે. પરંતુ કશા પ્રસ્તાર વિના, અલ્પ સમયમાં મારે આજે વિશેષ રૂપે જે વાત કરવી છે એ તો છે લેખકના માટી સાથેના અનુબંધની વાત.

લેખક વ્યવસાયે શિક્ષક છે અને એનું મસ્તક એક શિક્ષક તરીકે પણ ઘણું બધું મૂલવતું રહે છે. પણ એનાં હૈયું અને હાથ તો આજે પણ ખેતરની માટીને ઝંખે છે. એ ખેડૂપુત્ર છે. કૃષિના સંસ્કાર એને વારસામાં મળ્યા છે. સાથે સાથે સુથારીકામના સંસ્કારો પણ મોસાળ પક્ષેથી મળ્યા છે. (પોતાનું રાઇટિંગ ટેબલ જાતે બનાવતા માવજી મહેશ્વરીને મેં જોયા છે.) આમ એનો આંતરલય માટી સાથે મળતો જણાય છે. 'શિયાળાની રાત' નિબંધમાં એ લખે છે, ''સીમમાં ખેતરોની ભીની ભૂખરી માટી જાગે છે. શેરડી, ચણાના છોડ, પાન વચ્ચે ઢબૂરાઈ ગયેલાં રીંગણાં, ટમેટાં કે ઝોકે ચડેલા ઘઉંના ક્યારા, દાદાના ખોળામાં સૂઈ ગયેલા બાળક જેવાં કોબી, ફ્લાવર કે કોથમીરની ક્યારીઓ જોઈ રાતની છાતીમાં ધાવણ ભરાય છે. એનું માતૃત્વ છલકી ઊઠે છે. તે આખીય સીમને છાતીએ વળગાડી લે છે. સીમ રાતને બચ બચ ધાવે છે.'' શિયાળાની રાતે ખેતરની સૃષ્ટિ કેવી સજીવ થઈને આપણી સામે આવે છે !

તો, આ વાત છે માટીની. પંચમહાભૂતોમાંના એક મહત્ત્વના તત્ત્વ પૃથ્વીતત્ત્વ સાથેના લેખકના ભાવસંબંધની. પૃથ્વીતત્ત્વનો એક ગુણ છે સુગંધ. તેથી જ કદાચ લેખક બોર કે આંબાની વાત કરતાં કરતાં પણ સ્વાદ કરતાં સુગંધનો મહિમા જ વિશેષ રૂપે કરે છે. ચેતનામાં પડેલા ગંધ-સુગંધના વિભાવની વાત પુસ્તકની ભૂમિકામાં આ રીતે થઈ છે, ''મારા ગામની, સીમની, રસ્તાઓની, ઘરોની, બકરીઓના વાડાની, તળાવકાંઠાની, ખળાવાડમાં ઊપણાતા બાજરાની, ખેડૂના પરસેવાની, ભેરૂબંધોના શ્વાસોની, બહેનના ખોળાની, નિશાળોના ઓરડાની, સોનાપુરીના સળગતા મૃતદેહોની, સુકાતા ડેમની, ઊઘલતી જાનોની, ભેગી થતી ગાયોની આવી કંઈ-કેટલીય ગંધ આજેય ફેફસામાં અકબંધ પડી છે.''

આમ તો આ પુસ્તક હાથમાં લેતાં જ ચણીબોરની ખટમીઠી સુગંધ આપણને ઘેરી વળશે. અને 'બોર' વિશે વાત કરતાં લેખક કહે છે, ''બોરની સુગંધ તો આમેય બોલકી, હેતાળ વહુઆરુ જેવી, જે પસાર થાય તેને બોલાવે એવી.'' ને આ લેખક તો આવી સુગંધના બોલાવ્યા બરાબર તણાયા છે એની પાછળ. બાપા બજારમાંથી બોરની થેલી ભરી લાવે, ને પછી – ''થેલીને તળિયે પડેલા બોરમાંથી વછૂટતી સુગંધ મારી આંગળી ઝાલી લે. ઘેર ચીમનીના ઝાંખા અજવાળામાં મારો ખજાનો ઠલવાય. આખું ઘર સુગંધ સુગંધ. થેલીને તળિયેથી છૂટેલી સુગંધ ચામડી નીચે હજુય વહ્યા કરે છે.''

કચ્છનો માંડવી-મુન્દ્રાનો કંઠીપટ્ટ લેખકના બાળપણની સ્મૃતિઓનો પ્રદેશ. એ સ્મૃતિઓને સંકોરતા 'આંબો' નિબંધમાં લેખક કહે છે, ''બિદડા ગામની લીલી કુંજાર વાડીઓના રસ્તા હોળીની આસપાસ આંબાના મોરથી સુગંધના દરિયા બની જતા.'' આ વાંચતાં વાંચતાં કચ્છના કેટલાય સિનિયર સિટિજનો એ સુગંધના દરિયામાં છબ્બાક કરી આવ્યા હશે. કચ્છમાં આંબાના પાકેલા ફળને કેરી નહીં પણ આંબો કહેવાનો ચાલ. ''કાચી એટલે કેરી અને પાકો એટલે આંબો'' આ દેશી આંબાની સ્મૃતિઓ લેખકના શબ્દોમાં જ માણીએ. ''ઘઉંની પીળી પરાળ પર વેપારી કેરીનો 'પાલો' કરે. દરરોજ સાંજ-સવારે ઉથલાવે. સુગંધના ધોધ છૂટે.'' અને પછી નિઃશ્વાસભેર

એમ પણ કહે કે, ''હજી પણ એ સુગંધ દરમાં ભરાયેલ અડિયલ સાપની જેમ મનમાં ભરાઈ પડી છે. કેટલુંય સમજાવ્યું તોય બહાર નીકળવાનું નામ લેતી નથી.'' લેખક ક્યાંક 'દૂર દેશમાં વાગતો પાવો' સાંભળે અને 'ગાડાનાં પૈડાં તળે કચડાતા રેતીના અવાજ' સાથે 'જુવારની મીઠી મીઠી સુગંધ' પણ માણતા રહે. થ્રેસર મશીનના આક્રમણે ખવાઈ ગયેલી ખળાવાડની વાત કરતાં કરતાં ક્યાંક ભાવલોકમાં સરી જાય અને અંદરનો ખેડૂ બોલી ઊઠે, ''ખળાવાડ એટલે ખેડૂની આંખમાં રમતું સપનું... ખેતર કણ લે, ખળાવાડ મણ આપે. આ કણ અને મણ વચ્ચેની જગ્યામાં ચાલે ખેડૂના શ્વાસ.'' આમ સુગંધપર્વ અને ધરતી સાથેનો અનુબંધ પરસ્પર ગૂંથાતાં રહે.

વરસાદના અભાવ અને પ્રભાવ વચ્ચે ઝૂલતો વાર્તાસદશ નિબંધ 'પોતાનો વરસાદ' એમાંય સુગંધની વાત આ રીતે પ્રવેશે – ''હવામાં ફેલાઈ ગયેલી ઊગનારા ઘાસની લીલપને બળદો નાકનાં ફોયણાં ફુલાવી માણે છે.'' અને 'ઝાકળભીનાં પદચિહ્નો' તો ભરચોમાસે વિદાય થયેલા ખેડૂ પિતાની કરુણ પ્રશસ્તિ જાણે. વ્યક્તિગત વેદનાને વ્યાપક બનાવતી અભિવ્યક્તિ. ''હજીય આવી રહી છે ખેડૂની પછેડીમાંથી વહેતી વર્ષો જૂની પરસેવાની પરિચિત ગંધ. આ પરસેવાથી પોષાયેલી માટી તૂટુંતૂટું થઈ રહી છે. પરસેવાથી પાંગરેલા છોડ રડે છે મૂંગા મૂંગા. આ એક જ ગંધ છે જેનાથી ઘાસ લહેરાઈ ઊઠતું, પંખીઓ કલશોર કરી નાખતા, સેઢા સળવળતા, ચાસ આળસ મરડતા. પણ હવે એ સીમને જીવંત રાખતી એ ગંધ કદીયે નહીં વહે અહીં હવામાં.'' અને છતાં, ''હા, સીમને સાંભરશે એનો માટીઘેલો માણસ. ભરચોમાસે ચાલ્યો ગયેલો ખેડૂ ! સીમ આંસુ લૂછી શણગાર સજશે. એનો છૂટકો જ ક્યાં છે લીલપ ધર્યા વગર ?'' ધરતી, ખેડૂ અને જીવનનાં સત્યો આમ એકીસાથે આપણી સામે આવે.

આપણે આગળ વાત કરી સુથારીકામની. તો વાંચો નિબંધ, 'હું છું બરછટ લાકડું, તું ઘાટ ઘડતો સુથાર.' લાકડું અને ધરતી બંનેનો નાડસંબંધ. એમાંય ફોરે પૃથ્વીતત્ત્વ. એની વાત લેખક આ રીતે કરે, ''આછણી અને શિરાઈથી લાકડામાં વીંધ પડતું હોય ત્યારે દરમાંથી કીડીઓ નીકળે એમ વહેર બહાર આવતો. એ વહેરની ગંધમાં લાકડાનું કુળ પાધરું થતું.''

હા, 'બોર'ના બધા જ નિબંધો વિશે વિગતે વાત કરવાનું અહીં મને ઉદ્દિષ્ટ નથી. મેં તો અહીં લેખકની આંતરચેતનામાં ગૂંદાતી માટીની સુગંધને જરા જુદી તારવી એને થોડીક તમારા તરફ વહેતી કરી છે. આ નિબંધમાં સ્થળ-કાળના વિવર્તોને ગૂંથતી ઋતુઓની રમણા પણ જોવા જેવી છે. અહીં 'તડકાના રંગ' નિખર્યા છે તો 'સુગંધમાં વીંટાતો તડકો' પણ રેલાયો છે. 'ફૂલ સુગંધ અને સ્ત્રી'ની વાત કરતાં ક્યાંક લેખક એવું પણ બોલી ઊઠે છે, ''પુરુષ સ્ત્રીમાં ફૂલોની સુગંધ શોધે છે જ્યારે સ્ત્રી ફૂલમાં પોતાને શોધે છે.'' તો, 'પાંદડું લીલું ને રંગ રાતો' ધરાવતી મેંદીમાં લેખકને કોઈ શાપિત અપ્સરા દેખાય છે અને એ કહે છે, ''મેંદી મનુષ્યની હથેળીનો સ્પર્શ ઝંખતી કોઈ શાપિત અપ્સરા છે, કુદરતના લીલા રંગની ભવ્યતા અને મનુષ્યના લોહીના લાલ રંગની છટાનું સાયુજ્ય એટલે હથેળી પર ઊભરી આવતો મેંદીનો રંગ'' મનુષ્યના દેહને 'માટીની કાયા' કહી છે. એમાંય પાછું પૃથ્વીતત્ત્વ. એનાં રંગ-સુગંધ જુદાં. એની વાત પણ માવજી મહેશ્વરીની કલમે થતી રહે. આ નિબંધોમાંય ભાવક ક્યાંક એના ઝબકારા જોઈ શકે.

સંક્ષેપમાં કહું તો પ્રકૃતિ અને પ્રદેશ પ્રત્યેના અનુરાગમાં તણાતા અને સ્થિર થતા, પદ્યના ઉન્મેષો અને ગદ્યની વિવિધ ચાલોને અજમાવતા, આનંદથી અવસાદ અને વિસ્મયથી વિષાદ સુધીની યાત્રા કરતા અને કરાવતા, કલ્પનાલોકમાં વિહરતા અને ક્યાંક વાસ્તવનાં કટુ સત્યોને પણ દાખવતા આ નિબંધોમાં પ્રસરેલી માટીની સુગંધની થોડી વાત આપની સમક્ષ મૂકી હું 'બોર'ના વિમોચનની આ ક્ષણોને સાનંદ વધાવું છું અને માવજી મહેશ્વરી પાસેથી વધુ ને વધુ ઉત્તમ કૃતિઓ મળતી રહે એવો ભાવ વ્યક્ત કરું છું.

અસ્તુ.

---

[‘પવન’ અને ‘બોર’ના વિમોચન પ્રસંગે (તા. ૨૮-૦૫-૨૦૧૦, ભુજ) – ‘બોર’ વિશે અપાયેલ વક્તવ્યનું લિખિત રૂપ]